# ઉજ્જીવન ફાઈનાન્સિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલે ખૂલશે

માઇક્રો ફાઈનાન્સ કંપની ઉજ્જીવન ફાઈનાન્સિયલ સર્વિસીસ રૂા. ૮૭૫-૮૮૨ કરોડનું ભંડોળ ઊભું કરવા ૨૮ એપ્રિલે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. આમાં રૂા. ૩૫૮.૧૬ કરોડના નવા શેર ઇસ્યૂ કરશે અને ૨.૪૯ ઇક્વિટી શેર્સની ઓફર ફોર સેલ પણ તેમાં સામેલ હશે. રૂા: ૧૦ની મૂળ કિંમતના શેર માટેની પ્રાઇસ બેન્ડ શેરદીઠ રૂા. ૨૦૭થી ૨૧૦ નક્કી કરાઈ છે. બીડનો લોટ ૭૦ શેરનો અને પછી ૭૦ના ગુણાંકમાં રહેશે. કંપનીનો ઇસ્યૂ રજી મેના બંધ થશે. નવા ઇસ્યુના ભંડોળનો ઉપયોગ કંપનીના કેપિટલ બેઝને વિસ્તારવા માટે થશે. આ આઈપીઓ થકી કંપની તેનું વિદેશી શેરહોલ્ડિંગ હાલના ૭૭ ટકાથી ઘટાડી ૪૪-૪૫ ટકાનું કરશે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કંપની રૂા. ૪૫.૮૯ અબજના કુલ એયુએમ ધરાવતી હતી. કંપનીના શેર બીએસઈ અને એનએસઈ પર લિસ્ટેડ થશે. કંપની દેશમાં ૪૭૦ શાખાઓ અને ૭૮૯૨ કર્મચારીઓ મારફતે ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપે છે.